T3K7K8

# 8 લીલાછમ ખેતરનો રખેવાળ

ગાઈએ ગીતિકા :

તૈયાર હો, હોશિયાર હો, લલકાર દો સૌ બાળકો;
ફરવા જવા, રમવા જવા, ઊડવા જવા તૈયાર હો.


પંખી રમે છે ઝાડમાં, ઝરણાં રમે છે પહાડમાં;
પણ આપણે રમવા જવું આકાશમાં તૈયાર હો.


કોઈ ફરે છે પોળમાં, કોઈ ફરે ભાગોળમાં;
પણ આપણે ફરવા જવું, વગડા-વને તૈયાર હો.

ઘોડી ઊભી છે વાટમાં, હોડી નદીના ઘાટમાં;
પણ આપણે ઊડવા જવું અવકાશમાં તૈયાર હો.

– વસન્ત નાયક

ટપકાં જોડો, રંગ પૂરો. (ડાયનાસોર વિશે તમારાં નાનાં ભાઈ-બહેન/મિત્રોને કહો.)







એવું વાહન મળી જાય કે જેમાં બેસી ડાયનાસોર જીવતા હતા એ વર્ષોમાં પહોંચી જવાય તો? વાંચો.

## છેલ્લું પતંગિયું

દિગ્વિજય વિમાનમાં બેસતો હોય એમ એ વાહનમાં બેસી ગયો. તેની સાથે અભિષેક દત્ત-ગાઈડ, અમોઘ રાડીઆ-સેફ્ટી ઑફિસર અને શાંતા પરમાર-જુરાસિક પ્રોગ્રામ ઑફિસર પણ હતાં.

ટાઈમશટલ-વન વિમાન જેવું દેખાતું હતું પણ એ વિમાન નહોતું. તે એક સમયમાંથી બીજા સમયમાં

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મુસાફરી કરવાનું વાહન હતું. 2094ના વર્ષમાં શોધાયેલું TS-1 (ટી.એસ.-વન) હજુ પ્રાયોગિક રીતે જ વપરાતું. વિજ્ઞાનીઓ અને સંશોધકો જ તેનો ઉપયોગ કરી શકતા, પરંતુ પૈસાના જોરે દિગ્વિજયે તેમાં મુસાફરી કરવાનો મોકો મેળવી લીધો. દિગ્વિજય તેમાં બેસી જુરાસિક યુગમાં જઈ ડાયનાસોર જોવા ઇચ્છતો હતો.

કચ્છ-માંડવીના દરિયાકિનારે આવેલા 'સમય સંશોધન કેન્દ્ર' પરથી TS-1 જુરાસિક યુગમાં જવા તૈયાર હતું. બૉમ્બ ફૂટે એવા ધડાકા સાથે TS-1 શરૂ થયું. થોડીક મિનિટો સુધી કાન ફાડી નાખે એવો અવાજ ચાલુ રહ્યો. ત્રણેય અધિકારીઓ તો પોતાની જગ્યાએ શાંત થઈ બેઠા હતા પણ દિગ્વિજયના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા હતા. ત્રણ મિનિટમાં તો TS-1 યાને વીજળીક ગતિ પ્રાપ્ત કરી લીધી. તેની ઝડપ પ્રકાશની ઝડપ કરતાં બે ગણી થઈ ગઈ. વાહનમાંથી આવતો અવાજ બંધ થઈ ગયો. તેમાંથી રોબૉટિક-ધાતુઓમાંથી ઘસાઈને આવતો હોય તેવો અવાજ સંભળાયો, ''હવે આપણે સુપર ફૉટોન સ્પીડ મેળવી લીધી છે. યાત્રીઓ પોતાની જગ્યાએ ઊભા થઈ TS-1માં ફરી શકશે.''

આ જાહેરાત બાદ શાંતા પરમારે દિગ્વિજયની સામે બેસી સમગ્ર કાર્યક્રમ વિશે પરિચય આપવાનું શરૂ કર્યું. ''મિસ્ટર રાણા, અમે તમારા માટે ડાયનાસોર જોઈ શકાય એ રીતે સમયને સેટ કર્યો છે. આ જગ્યાએ અમે પહેલાં આવ્યા હતા ત્યારે લેસર ટોર્ચ વડે તે જગ્યાને માર્ક કરી લીધી હતી. આપણે સૌએ જુરાસિક યુગમાં પહોંચી ગયા બાદ નાનકડા ફૂદાથી લઈને વિશાળ ડાયનાસોર સુધીના દરેકનું ધ્યાન રાખવાનું છે. તેમાંથી કોઈને પણ નુકસાન થાય તો તેનું પરિણામ...''

શાંતા પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં, અત્યાર સુધી પોતાની અંદર દબાવી રાખેલો દિગ્વિજયનો ડર બહાર આવી ગયો અને તે થોથવાઈને બોલ્યો ''અ...આ...પણ કોઈ પ...પ્રાણી આપણને મારી નાખવા આવે તો?''

''ડૉન્ટ વરી અબાઉટ ઈટ. અમે દરેક બાબતની પૂરેપૂરી કાળજી લીધી છે. નક્કી કરેલા સ્થાન ઉપર આપણે ઊભા રહીશું તો એવી કોઈ સમસ્યા આવશે જ નહિ. ઊલટાનું આપણે દરેક સજીવનું રક્ષણ કરવાનું છે. આપણાથી એક નાનકડી કીડીને પણ નુકસાન થવું જોઈએ નહીં. તમને અંદાજ પણ નહીં હોય કે જો આપણે એ સમયમાં કોઈક ભૂલ કરીશું તો તેનું કેટલું ભયંકર પરિણામ આ સમયમાં આવી શકે. મિસ્ટર રાણા હું તમને ખાસ જણાવી દઉં કે આપણે સૌએ અમોઘની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. એ સલામતી અધિકારી છે એ વાત આપણે સૌએ સતત યાદ રાખવી પડશે.'' શાંતાએ શાંતિથી અને સ્પષ્ટ રીતે પોતાની વાત પૂરી કરી.

ગભરાયેલા દિગ્વિજયે અધૂરા મનથી માત્ર ડોકું હલાવીને હા કહ્યું.

TS-1ના ટાઈમમીટરમાં સમય ભૂતકાળ તરફ ગતિ કરી રહ્યો હતો. ઈસવીસન 2093... 92... 91... 2050... 2000... 1500... 0... ઈસવીસન પૂર્વે. 1... 1000... 20000... 100000... 4000000... અંતે ડાયલ પર ઈસવીસન પૂર્વે 140000000 વર્ષનો અંક ચમક્યો અને ઘરઘરાટી કરીને શટલ અટક્યું. અવાજ આવ્યો, ''યુ હેવ રીચ્ડ ઈન ધ યર ફોર્ટિન ક્રોર.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

થૅન્ક્યૂ ફૉર ટ્રાવેલિંગ વિથ અસ'' ખસેડી શકાય તેવા દરવાજા એની મેળે ખૂલી ગયા. હરિયાળી અને ભીની ભીની સુગંધવાળી વિશાળ પૃથ્વી આછા આછા સૂર્યપ્રકાશમાં ચમકી રહી હતી. સફેદ ધાતુ જેવી એક પગદંડી પૂર્વ તરફ જતી હતી. અમોઘે તેના લાક્ષણિક ઘેઘૂર અવાજમાં સૂચના આપી, ''મિસ્ટર રાણા, તમે માત્ર આ સફેદ - ખાસ આપણા માટે તૈયાર કરેલ પગદંડી પર જ ચાલી શકશો. એના ઉપરથી એક ડગલું પણ આજુબાજુમાં મૂકી શકશો નહીં.''

આવી હરિયાળી જગ્યા અને સુંદર ફૂલછોડ જોઈને હવે દિગ્વિજય ભયભીત નહોતો. તેને તે જગ્યા તેના મહેલ જેવા ઘરના આંગણામાં આવેલા બગીચા જેવી લાગવા માંડી. તેણે અમોઘ સામે રૂઆબથી જોઈને પૂછ્યું, ''એમ? મને કોઈક ફૂલ ગમી જાય તો હું એકાદ ડગલું બહાર મૂકી તેની નજીક જઈ તે ફૂલ તોડી પણ શકું. એમાં શું ખોટું છે?''

શાંતા મનમાં ગુસ્સે થઈ પણ સ્વસ્થ થઈને ફરી વિસ્તારથી સમજાવ્યું કે દરેક સજીવ કેટલો અગત્યનો છે. ''આ સમયમાં જો આપણા વડે કોઈ પણ સજીવને નુકસાન થશે તો તે અનિચ્છનીય પરિણામો આપશે. જો તમે એક પણ જીવજંતુને ભૂલથી નુકસાન કરશો તો આપણે ક્યારેય ન જોઈ હોય તેવી સ્થિતિ પેદા થશે. માટે, સોરી મિસ્ટર રાણા, પણ તમને આ પગદંડી પરથી બહાર નીકળવાની સહેજ પણ છૂટ નથી.''

શાંતાની લંબાણપૂર્વકની આ વાત સાંભળી-ન સાંભળી કરી દિગ્વિજય પોતાનો ડિજિટલ કૅમેરા લઈ શટલમાંથી બહાર આવ્યો.

ગાઇડ અભિષેકે કહ્યું, ''ડાયનાસોર આપણી ડાબી તરફ આવશે. તમે તેને પાંચ મિનિટ સુધી જોઈ શકશો. ફોટોગ્રાફ પણ લઈ શકશો. આ સમય દરમિયાન આપણે સૌએ પગદંડીના છેડે બનાવેલા ચોરસમાંથી બહાર નીકળવાનું નથી.'' તેણે ખાતરી કરવા માટે પૂછ્યું, ''કોઈ સવાલ?'' કોઈએ કંઈ પૂછ્યું નહીં. અભિષેકની પાછળ પાછળ સૌ નિશ્ચિત કરેલી જગ્યાએ પહોંચ્યાં.

થોડી ક્ષણોમાં 'ધડ... ધડ... ધડ...' એવો અવાજ સંભળાવા માંડ્યો. જાણે લાકડાની છત પર હજારો સૈનિક કૂચ કરતા હોય તેમ કોઈકના ચાલવાના અવાજથી જમીન ધ્રૂજી રહી હતી. દિગ્વિજયની આંખો ચકળવકળ થતી હતી. એ કશું પણ વિચારે એ પહેલાં તો ડુંગર જેવડું એક વિશાળ, ભયંકર ડાયનાસોર એ ચોરસની સામે આવીને ઊભું રહી ગયું.

તેના પગ વિશાળ વડના થડ જેટલા જાડા હતા. તેનું મસમોટું પેટ એક સાથે ત્રીસ હાથીઓને સમાવી લે તેવું હતું. સ્થળ ઉપર એક વિચિત્ર અને ન ગમે તેવી ગંધ ફેલાઈ ગઈ હતી. અચાનક, અકારણ ડાયનાસોરે ગર્જના કરી. દિગ્વિજય તે સાંભળી ચક્કર ખાઈ ગયો. જો અમોઘે તેને પકડ્યો ન હોત તો ત્યાં જ પડી ગયો હોત. ડાયનાસોરે પોતાની ડોક બીજી તરફ કરી એટલે દિગ્વિજયે પોતાનો ડર છુપાવી અમોઘ પાસેથી પોતાનું બાવડું છોડાવી રૂઆબ સાથે કૅમેરા ડાયનાસોર તરફ કર્યો. એટલામાં તો ડાયનાસોરે ફરી ગર્જના કરી. આ વખતે પહેલાં કરતાં પણ વધુ ભયાનક અને ડરામણી. એ ગર્જના સામે દિગ્વિજય ટકી શક્યો નહીં, તેના હાંજા ગગડી ગયા અને કોઈ કશું વિચારે તે પહેલાં તે જીવ લઈને ભાગ્યો. ડરના કારણે દિશાભાન રહ્યું નહિ અને શટલ તરફ જવાને બદલે જંગલ તરફ દોડી ગયો.

ડાયનાસોર એની પાછળ જાય એ પહેલાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અમોઘે ઝડપથી પોતાની બંદૂક ખભા પરથી ઉતારી અને બે નાનકડાં રૉકેટ ડાયનાસોર તરફ માર્યાં. તે રૉકેટ ખાસ આવા સંજોગો માટે જ બનાવવામાં આવ્યાં હતાં. અમોઘનું નિશાન અચૂક હતું. ડાયનાસોરે એક ઝટકો ખાધો અને ત્યાં જ બેભાન થઈને પડી ગયું.

થોડાક સમય પછી ડાયનાસોર ઊભું થયું. સૌ જોઈ રહ્યાં, ''કઈ બાજુ જશે?'' એમ વિચારતાં રહ્યાં. હાશ! ડાયનાસોર લંગડાતા પગે જંગલમાં દિગ્વિજય ભાગ્યો હતો તેની વિરુદ્ધ દિશામાં જઈ રહ્યું હતું.

ત્રણે જણે રાહત અનુભવી કે ડાયનાસોરને કોઈ નુકસાન નહોતું થયું.

ત્રણેય નિશ્ચિત કરેલી પગદંડી પર ચાલીને પાછાં શટલ તરફ આવ્યાં. હવે શાંતા અને અભિષેકને દિગ્વિજયની ચિંતા થઈ, અમોઘને ગુસ્સો આવ્યો. અભિષેકે દિગ્વિજયનો કૅમેરા શટલમાં મૂક્યો. અમોઘ પોતાની રાઇફલ શટલમાં ગોઠવી રહ્યો હતો એટલામાં કાદવથી ખરડાયેલો દિગ્વિજય હાંફળોફાંફળો દોડતો દોડતો આવતો દેખાયો. તેની આંખો ડરથી સફેદ પૂણી જેવી થઈ ગઈ હતી. આ જોઈને તો અભિષેક અને શાંતાની દિગ્વિજય માટેની ચિંતા ગુસ્સામાં ફેરવાઈ ગઈ.


શાંતા ગુસ્સાભર્યા અવાજમાં બોલી, ''તમે માફ ન કરી શકાય તેવો ગંભીર બખેડો કર્યો છે.'' પણ આ મૂરખને હવે શું કહેવું...? એમ વિચારી તેને શટલમાં બેસાડ્યો. બારણાં બંધ થયાં અને શટલ પરત 2094માં આવવા નીકળી પડ્યું. ડાયલ પર ઈસવીસન પૂર્વે 140000000... 4000000... 100000... 20000... 1000... 0... ઈસવીસન 100... 1000... 2000... એમ કરતાં કરતાં વર્ષ 2094 અંક દેખાયો.

ઘરઘરાટી કરી શટલ જેવું બંધ થયું કે તરત જ દિગ્વિજય આનંદથી બોલી પડ્યો, ''હાશ! ઘરે પાછા આવી ગયા.'' અવાજમાં તુચ્છકાર રાખી પેલા ત્રણેય બાજુ જોઈ કહે, ''બેકાર અને કંટાળાજનક પ્રવાસમાંથી...''

આળસ મરડતો દિગ્વિજય બહાર નીકળ્યો. ત્રણેય તેને તીખી નજરે જોઈ રહ્યાં હતાં. કાદવથી ખરડાયેલાં તેનાં કપડાં અને બૂટ પર માટીના લોંદા ચોટેલા હતા. દિગ્વિજયે નીચે ઊતરીને તરત જ તે ત્રણે સામે રોફ મારતાં પૂછ્યું, ''શું જોઈ રહ્યા છો?'' શાંતાની નજર તેના બૂટ પરની માટીમાં ચોટેલા એક પતંગિયા પર પડી. દિગ્વિજય તે મરેલા પતંગિયાને ઊખેડી ફેંકતાં બોલ્યો, ''નક્કામું, લાખો વર્ષ જૂનું પતંગિયું!''

શાંતા હવે શાંત રહી શકી નહીં. દુઃખ અને ગુસ્સાથી ધ્રૂજતા અવાજે બોલી, ''ચૂપ, મુરખના સરદાર! આમ સામે જો... તે એક નાનકડા પતંગિયાને કચડી નાખીને શું કરી નાખ્યું છે!''

દિગ્વિજય ફાટી આંખે જોઈ રહ્યો. પ્રયોગશાળાની જગ્યાએ સાવ વિચિત્ર લાગતું એક બાંધકામ હતું. તેમાં બેઠેલા જીવ તદ્દન કઢંગા ને બિહામણા લાગતા હતા. દરિયાને બદલે છેક ક્ષિતિજ લગી રણ ને રેતી જ હતાં. પાણી, ઘાસ, વૃક્ષ, ફૂલો કંઈ જ ન હતું. ધોળાફક અકાશમાં આગ વરસાવતો સૂરજ અસહ્ય ગરમી ઓકી રહ્યો હતો. ન કોઈ કલશોર, ન માનવોનો ગણગણાટ... હતો માત્ર ભયંકર સન્નાટો!



 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - વાર્તામાં તમને શાનું અચરજ થયું?
  - વાર્તા સાંભળીને તમને દિગ્વિજયને શું કહેવાનું મન થાય છે?
  - દિગ્વિજયની જગ્યાએ તમે હોય તો શું શું ધ્યાન રાખો?
  - ઈ.સ. 2094માં તમે કેટલાં વર્ષનાં થયાં હશો?
  - તમે પાછા કેટલાં નાનાં થઈ જાઓ તો મજા પડે?
  - તમારે આજે નીકળીને ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસે પ્રગટેલી મીણબત્તી જોવા પહોંચવું હોય તો કેટલા વર્ષ આગળના સમયમાં જવું પડે?
  - તમને કયાં પ્રાણી અને જીવજંતુઓનો ડર લાગે? શા માટે?
  - સપનામાં તમને વાર્તાનો કયો સીન દેખાય તો ગમે?
  - વાર્તામાં તમને શી સમજ ન પડી?
  - દિગ્વિજયને બચાવવા જતાં ડાયનાસોર મૃત્યુ પામ્યું હોત તો કેવું પરિણામ આવત?
  - હાલનાં કયાં જીવજંતુઓનાં શરીરનો ઘાટ ડાયનાસોરને મળતો આવે છે?
  - આ વાર્તાને લગતા જે કોઈ પ્રશ્ન પૂછવા હોય તે પૂછો.

**સાચુકલું ડાયનાસોર જોઈ રહ્યા હો એવો ચહેરો કરો. વાર્તાને આધારે કૌંસમાંથી શોધીને મારું નામ લખો.** (જુરાસિક યુગ, ટાઈમશટલ, પૃથ્વી, ડાયનાસોર, પતંગિયું, દિગ્વિજય)

1. મારો દેખાવ એવો છે કે મને જોવા માત્રથી જ બધા ડરી જાય. ________
2. હું તો મન ફાવે ત્યાં ફરીશ. ________
3. જો હું ન હોત તો આજે જંગલો પણ ન હોત. ________
4. તમે કહો તે સમયમાં ફરવા લઈ જાઉં. ________
5. ભૂલ બીજાની ને નુકસાન મારું. ________

- **ચાલો ગીતિકા ગાઈએ : તૈયાર હો...**

**કયો શબ્દ નજીકના અર્થવાળો લાગે છે? તેના પર ◯ કરો.**

- ગાઈડ : ચોપડી, માર્ગદર્શન આપનાર, ગાઈ વગાડી શકે તે
- મોકો : તક, મુક્કો, ફાયદો
- યાત્રી : જાત્રા, મુસાફર, પ્રવાસમાં જોવાનાં સ્થળો
- સમસ્યા : પ્રદૂષણ, ચિંતા, મુશ્કેલી

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- પગદંડી : ચંપલ, કેડી, પગે લાગવું તે
- બેકાર : બે મોટરગાડીઓ, ગમે તેવું, કામ વગરનું
- અસહ્ય : દઝાડે તેવું, ચીસ પડાઈ જાય તેવું, સહન કરવું ન પડે એવું

**આપેલા વાક્ય જેવા અર્થવાળું વાક્ય વાર્તામાંથી શોધીને લખો. તેની નીચે આપેલા શબ્દના અર્થ લખો. વાર્તામાં વપરાયેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો. (જૂથકાર્ય)**

**ઉદાહરણ :** ડરી ગયેલા દિગ્વિજયે ઇચ્છા ન હોવા છતાં માથું હલાવીને હા કહ્યું.

**વાર્તાનું વાક્ય :** ગભરાયેલા દિગ્વિજયે અધૂરા મનથી માત્ર ડોકું હલાવીને હા કહ્યું.

- **ડરી ગયેલા** - ગભરાયેલા

1. ડાયનાસોરની બીજી ગર્જના સામે દિગ્વિજય ટકી શક્યો નહીં, તે ઢીલો થઈ ગયો અને કોઈ કશું વિચારે તે પહેલાં તે જીવ બચાવવા ઝડપથી દોડ્યો.

- **ઢીલો થઈ ગયો** -
- **જીવ બચાવવા ઝડપથી દોડ્યો** -

2. એકદમ સફેદ આકાશમાં અસહ્ય તાપ આપતો સૂરજ તપી રહ્યો હતો.

- **એકદમ સફેદ** -
- **અસહ્ય તાપ આપતો સૂરજ** -
- **તપી રહ્યો હતો** -

3. દિગ્વિજયે નીચે ઊતરીને તરત જ તે ત્રણે સામે રૂઆબ જમાવતાં પૂછ્યું, ''શું જોઈ રહ્યાં છો?''

- **રૂઆબ જમાવતાં** -

**કૌંસમાં આપેલા શબ્દોનો અર્થ 'લગભગ સરખા'માંથી જાણો અને ખાલી જગ્યા પૂરો. (જોડીકાર્ય)**

(વિસ્તારથી, વિજ્ઞાની, ફાટી આંખે, સેફ્ટી ઑફિસર, રૂઆબથી, તીખી નજરે, પ્રોગ્રામ ઑફિસર, બેકાર, સંશોધક, તુચ્છકાર)

1. આશા મૅડમ આપણા આ પ્રવાસનાં ________ છે. એટલે આપણે શાળાએ સલામત રીતે પાછાં પહોંચી જઈએ એ જોવાની જવાબદારી મૅડમની જ કહેવાય.
2. મિસ તરંગિની ________ છે. અનેક પ્રયોગો કરીને પોતાનું અને આપણા દેશનું નામ રોશન કર્યું છે.
3. આખો કાર્યક્રમ આયોજન મુજબ થઈ રહ્યો છે કે નહિ એ જોવાની જવાબદારી નેહાની જ છે. એને એમ જ થોડી ________ બનાવી દીધી છે!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4. તરલિકાએ કહ્યું, ''બાપુજી, એમ ______________ શું જોઈ રહ્યા છો? એ તડકો છે, સાપ નથી.''

5. અમે સૌ કપડાંની થેલીનું દફતર બનાવતા. નીલેશ પાસે પતરાંની પેટી હતી. એ રોજ ______________ જાણે ઑફિસ આવતો હોય એમ પતરાંની પેટી ઝુલાવતો ઝુલાવતો શાળામાં આવતો.

6. પૂનમ સાવ નાની હતી ત્યારથી બધાંએ તેનું ઉપનામ જ ______________ રાખી દીધેલું. દરેક વસ્તુઓ શામાંથી ને કેવી રીતે બની છે તે શોધવામાં તેને નાનપણથી રસ હતો.

7. રેહાનનાં દાદી ખૂબ ગુસ્સાવાળાં. રેહાન સહેજ પણ તોફાન કરે કે તરત ______________ તેની સામું જુએ.

8. દસ ગુણના પ્રશ્નમાં સૂચના હોય છે : આ પ્રશ્નનો જવાબ ______________ લખો.

- **'છેલ્લું પતંગિયું' વાર્તા વાંચો.**

**જ્ઞાનમુદ્રામાં બેસો. આંખો બંધ કરો. વાર્તા યાદ કરી લો. ત્યારબાદ આ શબ્દોનો ઉપયોગ કરી ટાઈમશટલ વિશેના શબ્દો પર ◯ કરો. ડાયનાસોર અને ટાઈમશટલ વિશે પાંચ-પાંચ વાક્યો લખો.**

ગર્જના કરવી, ઝડપ, અવાજ, ફોટોન સ્પીડ, વિશાળ પેટ, હાથ, જૂના સમયમાં મુસાફરી, મોં, રોબોટિક ધાતુ, ભયાનક, 114 કરોડ વર્ષ, પગ, ગંધ, પ્રયોગશાળા, જમીન ધ્રૂજવી, ઘરઘરાટી, 50 ફૂટ લાંબી ડોક, પૂંછડી, 70 ટન વજન...

**સાચા વિકલ્પની સામે ✓ નિશાની કરો.**

1. ટાઈમશટલ દિગ્વિજયને ક્યાં લઈ ગયું?

   ( ) ઈસવીસન શૂન્યમાં

   ( ) ઈસવીસન શરૂ થયા પછીના સમયમાં

   ( ) ઈસવીસન શરૂ થાય એ પહેલાંના સમયમાં

2. ટાઈમશટલનો ઉપયોગ શાના માટે કરવામાં આવ્યો છે?

   ( ) એક ગ્રહ પરથી બીજા ગ્રહ પર જવા માટે

   ( ) એક દેશમાંથી બીજા દેશમાં જવા માટે

   ( ) એક સમયમાંથી બીજા સમયમાં જવા માટે

3. માંડવીનો દરિયો રણમાં કેમ ફેરવાઈ ગયો હતો?

   ( ) વિજ્ઞાનીઓએ વિચાર્યું કે દિગ્વિજયને વર્ષ 2094નું રણ બતાવીએ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

( ) દિગ્વિજયે પતંગિયાંને પગ નીચે કચડી નાખ્યું હતું.

( ) 2094ના વર્ષમાં માણસોને રણમાં રહેવાનું આવડી ગયું હતું.

4. જુરાસિક યુગના દરેક નાનાં-મોટાં જીવજંતુઓનું ધ્યાન શા માટે રાખવું જરૂરી હતું?

( ) જીવનચક્ર તૂટે તો પૃથ્વી પર વિનાશ આવે.

( ) ટાઈમશટલ-1ના મશીનમાં ખરાબી આવે એમ હતું.

( ) જુરાસિક યુગ ખતમ થઈ જાય એમ હતો.

5. શાંતા પરમાર નાનકડી કીડી જેવાં જીવજંતુઓ વિશે શું માનતાં હતાં?


( ) કીડી જીવે કે ન જીવે તેમાં કંઈ ફરક ન પડે.

( ) નાનકડી કીડીને હાનિ પહોંચશે તો જીવન પર કંઈ મોટું નુકસાન નહિ થાય.


( ) એક નાનકડી કીડીને પણ મારવાથી વિનાશક પરિણામ આવી શકે છે.

**કૌંસમાંથી સાચા વિકલ્પ પસંદ કરી યોગ્ય ક્રમમાં લખીને ઘટનાની સાંકળ પૂરી કરો.**

**ઉદાહરણ :**



(તો તે છેલ્લા પતંગિયાને કચડી નાખત નહીં, ભયંકર પરિણામ ન આવત, પગ કાદવમાં ન પડ્યો હોત, પતંગિયું મરી ન જાત)



**તમારા મિત્રને ત્રણ વખત તાળી આપો. હવે પ્રશ્નોના જવાબ લખો.**

1. TS-1 ક્યાં જતું હતું? શા માટે?
2. શાંતા પરમારે જુરાસિક યુગના કાર્યક્રમ વિશે શું કહ્યું હતું? કેમ?
3. દિગ્વિજય સાથે અધિકારીઓને શા માટે મોકલવામાં આવ્યા હતા?
4. ડાયનાસોર જોતાં જ દિગ્વિજયે શું કર્યું?
5. અમોઘ રાડીઆ તેની ટીમને કેવી રીતે બચાવે છે?
6. માંડવીનો દરિયો રણમાં કેમ ફેરવાઈ ગયો હતો?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

7. મરી ગયું એ પતંગિયું નકામું હતું? શા માટે?
8. આ વાર્તામાં 'મૂર્ખ' શબ્દ કોના માટે વપરાયો છે? એને મૂર્ખ શા માટે કહેવાય?

- ફરી એકવાર ગીતિકા ગાઈ લઈએ : તૈયાર હો...

## વિચારો અને કહો. (જૂથકાર્ય)

1. દિગ્વિજય તમને શાથી ન ગમે?
2. અમોઘની કઈ કઈ બાબતો તમને ગમી?
3. તમને દિગ્વિજયના કયા વર્તનથી આશ્ચર્ય થયું?
4. તમે દિગ્વિજયને કઈ સજા કરો?
5. આ વાર્તા પરથી નાટક/ફિલ્મ બને તો તમને કયું પાત્ર ભજવવાનું ગમે?
6. વાર્તામાં તમને કોનો સ્વભાવ ગમ્યો? કેમ?
7. જો આપણે થોડાંક વર્ષોમાં બધાં જ હિંસક પ્રાણીઓને મારી નાખીએ તો ઘણાં વર્ષો પછી પૃથ્વી પર કેવા કેવા ફેરફાર થઈ શકે? કેમ?

- આમાંથી ત્રણ પ્રશ્નોના જવાબ લખો. (**ઘરકામ**)

## ભજવો.

વર્ગના વિદ્યાર્થીઓને જૂથમાં બેસી નીચેનાં દૃશ્યો નાટકની જેમ ભજવવાં હોય તો કેવા સંવાદ બોલવા પડે? કેવો અભિનય કરવો પડે? તે વિશે ચર્ચા કરવાનો સમય આપો. ત્યારબાદ વારાફરતી દરેક જૂથને તેમના ભાગે આવેલું દૃશ્ય ભજવવા કહો. બધાં દૃશ્યો વર્ગમાં તેમજ શાળાની સમૂહ બેઠકમાં પણ ભજવવાની તક આપો.

દૃશ્ય-1 : ચારેય ટાઇમશટલમાં બેસે છે અને શાંતા પરમાર દિગ્વિજયને કાર્યક્રમ વિશે જણાવે છે.

દૃશ્ય-2 : સૌ ટાઈમશટલમાંથી ઊતરે છે અને અમોઘ દિગ્વિજયને સૂચના આપે છે.

દૃશ્ય-3 : અભિષેક ગાઇડ તેઓ ક્યાં જશે અને શું કરશે તે વિશે માહિતી આપે છે.

દૃશ્ય-4 : ડાયનાસોર આવે છે, દિગ્વિજય ભાગે છે અને અમોઘ ડાયનાસોરને બેભાન કરે છે.

દૃશ્ય-5 : દિગ્વિજય જંગલમાંથી પાછો આવે અને સૌ ઈ.સ. 2094ના વર્ષમાં આવવા નીકળે છે.

દૃશ્ય-6 : 2094ના વર્ષમાં પૃથ્વી પર બધું બદલાઈ ગયું છે, શાંતા દિગ્વિજય પર ગુસ્સે થાય છે.

## વાર્તાના આધારે આઠ-દસ વાક્યમાં વર્ણન કરો. તે મોટેરાંઓને વાંચી સંભળાવો. (ઘરકામ)

1. દિગ્વિજય 2. શાંતા પરમાર

3. ચૌદ કરોડ (14,00,00,000) વર્ષ પહેલાંની પૃથ્વી અને ઈ.સ. 2094ની પૃથ્વી

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ફકરો વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.

### સૌથી નાની લેખિકા

સાત વર્ષની ઉંમરે પુસ્તક લખનાર સૌથી નાની લેખિકા છે અભિજિતા ગુપ્તા. તેનું પુસ્તક 'હેપ્પીનેસ ઑલ અરાઉન્ડ' ખૂબ પ્રખ્યાત થયું છે. આ પુસ્તકમાં ચાર વાર્તા, દસ કવિતા અને કેટલાંક ચિત્રો છે. અભિજિતાની પહેલી વાર્તા હતી 'હાથીની સલાહ' અને પહેલી કવિતા હતી 'ખુશહાલ દિવસ'. પ્રસિદ્ધ લેખક સ્વ. મૈથિલીશરણ ગુપ્ત તેમના દાદા હતા. તેના કારણે અભિજિતાને વારસામાં સાહિત્યમાં રસરુચિ અને આવડત મળ્યાં છે. અભિજિતાને વાંચનનો ઘણો શોખ છે. કોરોનાના સમયમાં તેણે ખૂબ પુસ્તકો વાંચ્યાં. તેના પ્રિય લેખકો છે : રસ્કિન બૉન્ડ અને સુધા મૂર્તિ. બાળકો પણ સાહિત્યસર્જન કરી શકે, અભિજિતા તેનું ઉત્તમ ઉદાહરણ છે.

1. અભિજિતાની પહેલી વાર્તા અને કવિતાનાં નામ કહો.
2. અભિજિતા કોની પૌત્રી છે?
3. અભિજિતા કેટલાં વર્ષની ઉંમરે વાંચતાં શીખી હશે?
4. આ ફકરામાંથી કોઈ પણ ત્રણ લેખકનાં નામ લખો.
5. અભિજિતાનું પહેલું પુસ્તક છપાયું ત્યારે તે કયા ધોરણમાં ભણતી હશે?

## સંવાદ વાંચો અને વર્ગમાં ભજવો. (જોડીકાર્ય)

ચાડિયો : કેમ છો ઝાડજી? મજામાં?

ઝાડ : એકદમ મજામાં, તું કેમ છે?

ચાડિયો : જુઓને, એકલે હાથે આખા ખેતરની રખેવાળી કરવામાં થાકી થાકી જવાય છે!

ઝાડ : એમ?

ચાડિયો : એકલે હાથે ને પાછું સખત તાપમાં સતત ખડે પગે!

ઝાડ : ઠીક.

ચાડિયો : શું ઠીક? એક પગે ઊભા રહેવામાં કેટલો થાક લાગે! તમને નથી લાગતો થાક? તમેય તો એક પગે જ તાપમાં ઊભાં છો!

ઝાડ : કહું, પહેલાં તું મને એક વાત કહે, તારું આખા દિવસનું કામ શું?

ચાડિયો : પાકના રક્ષણ માટે ચકલાં ઉડાડવાનું, બીજું શું?

ઝાડ : જો, તું ચકલાં ઉડાડે છે એટલે તેનો તને થાક લાગે છે.

ચાડિયો : બિલકુલ!

ઝાડ : હું ચકલાં ઊંઘાડું છું, મતલબ કે ચકલાંને છાંયો આપું છું, આરામ આપું છું, એટલે મને પણ આરામ મળે છે.

ચાડિયો : એમ? હુંય ચકલાંને બેસવા દઉં?


ઝાડ : અરેરે! તો ખેતરની રખેવાળી કરશે કોણ?


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચાડિયો શું કરે એ તો ખબર પડીને? હવે ચાડિયાનું ગીત ગાઈએ.

## ચાડિયાનું ગીત



ઊડો કાબર, ઊડો ચકલાં,
ઊડો મેના પોપટ મોર!
હું આ ખેતરનો રખવાળો,
સઘળાં પેઠાં ક્યાંથી ચોર?
થોર તણી આ વાડ ઉગાડી,
છીંડે બાવળ-કાંટ ભરી;
તોય તમે ક્યાંથી અહીં આવ્યાં?
સંતાકૂકડી કેવી કરી?
ઊડો કહું છું એટલું, હું શાણો રખવાળ,
ખેડૂત આવી જો ચડે, ગોફણ ઘાવ-ઉછાળ.
મોતી-મૂઠ શાં ડૂંડાં ઝૂલે,
લીલો નીલમડો શો મોલ;
દાણો ઓછો એક ન થાશે–
માલિકને મેં દીધો કોલ.
ખેડૂત આવે, ઊડી જાઓ,
એ જાતાં હું સાદ કરીશ;
ખોટા ખોટા ડોળા ફાડી,
છુપાઈને દાણા ધરીશ.
ઊડો કાબર, ઊડો ચકલાં,
ઊડો મેના પોપટ મોર!
હું આ ખેતરનો રખવાળો,
સઘળાં પેઠાં ક્યાંથી ચોર?

– કૃષ્ણલાલ શ્રીધરાણી

- **વાતચીત :**
  - કવિતામાંના ચાડિયાની કઈ વાત તમને ગમી?
  - તમે ચાડિયો જોયો છે? કેવો હતો?

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ચાડિયો શા માટે બનાવવામાં/રાખવામાં આવે છે?
- કવિતામાં કયાં કયાં પક્ષીઓની વાત છે?
- લોકો ચાડિયાને ‘ચાડિયો’ કેમ કહેતાં હશે?
- શું ખરેખર પક્ષીઓ ચાડિયાથી ડરતાં હશે? જો હા... તો શા માટે? જો ના તો શા માટે?
- પક્ષીઓ સંતાકૂકડી કેવી રીતે રમતાં હશે?
- તમને ચાડિયા તરીકે ઊભા રાખ્યા હોય તો કેવો અવાજ કરીને ચકલાં ઉડાડશો?
- તમે દિવસે કે રાત્રે કોઈને બિવડાવો છો? કેવી કેવી રીતે?
- ગામ કે શહેરમાં રાખેલા રખેવાળ કઈ રીતે ચોકી કરે છે?

**પોતાની જગ્યાએ એક મિનિટ સુધી ચાડિયાની જેમ ઊભા રહો. વાક્યોને બંધબેસતી પંક્તિઓ સાથે જોડો.**

| વાક્યો | કાવ્યપંક્તિઓ |
|---|---|
| 1. ખેડૂત જાય પછી હું તમને પાછાં બોલાવીશ. | 1. ખોટાખોટા ડોળા ફાડી |
| 2. મેં ખેડૂતને વચન આપ્યું છે. | 2. તોય તમે ક્યાંથી અહીં આવ્યાં? |
| 3. મોતી ભરેલી મુઠ્ઠીઓ જેવો પાક ડોલે છે. | 3. એ જાતાં હું સાદ કરીશ. |
| 4. બસ અહીંથી જાઓ એટલું જ કહું છું. | 4. માલિકને મેં દીધો કોલ. |
| 5. તમે અંદર કેવી રીતે આવ્યાં? | 5. ઊડો કહું છું એટલું. |
| 6. હું ખાલીખાલી આંખો કાઢીશ. | 6. મોતી-મૂઠ શાં ડૂંડાં ઝૂલે? |

**આ કોણ? ‘ચાડિયો’ કે ‘ખેડૂત’ તે વાક્યની સામે લખો.**

1. હું ગોફણ મારીશ.
2. હું મોટીમોટી આંખો કાઢીશ.
3. હું ખાલી ખાલી તમને બીવડાવીશ.
4. મને તેં વચન આપ્યું છે.
5. મેં બૂમ પાડી, ‘‘એ મોરલા, ઊડ અહીંથી.’’
6. હું છાનોમાનો પંખીને ખવડાવીશ.
7. મેં કાંટાળી વાડ કરી છે.
8. મેં પંખીઓને ચોર કહ્યા.

**પ્રશ્નોના જવાબ આપો.**

1. ચોર કોણ છે? શા માટે?
2. પાકને બચાવવા શું શું કરી શકાય?
3. ચાડિયો પોતાને ‘શાણો’ શા માટે ગણાવે છે?
4. ચાડિયો પંખીઓને ખેડૂત વિશે શું કહી ચેતવે છે?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. ચાડિયો ઊભો છે તે ખેતરમાં શું શું છે?
6. ચાડિયાએ માલિકને કયું વચન આપ્યું છે?
7. ખેડૂતના જતાં જ ચાડિયો પોતે શું કરશે એમ પંખીઓને કહે છે?
8. આ ચાડિયો પંખીઓનો દુશ્મન છે? તમને કેવી રીતે ખબર પડી?
9. કાબર, ચકલાં, મેના, પોપટ અને મોર - આ બધાં સાથે મળીને ક્યાં આવ્યાં છે? શેની ચોરી કરવા?
10. થોર અને કાંટા નાખ્યા હોય તોય પંખીઓ કેવી રીતે ખેતરની અંદર આવી જાય છે? થોર અને કાંટાથી કોને ખેતરની અંદર આવતાં રોકી શકાય?

- આ પૈકી કોઈપણ પાંચ પ્રશ્નોના જવાબ લખો.

- **શું ગાવું છે? ગીતિકા કે કવિતા? તમને ગમે તે ગાઓ.**

**આવું કેમ? કહો.**

1. પાકીટમારને શોધી કાઢનારને જાસૂસ કે ડિટેક્ટિવ કહેવાય, પણ તમે દાદાનાં ખોવાયેલાં ચશ્માં શોધી આપો તો તમને જાસૂસ કે ડિટેક્ટિવ કહેવાય? કેમ?
2. ખેતરની રખેવાળી કરવા માટે ચાડિયો બનાવી પક્ષીઓને દૂર રાખી ઉડાડી શકાય એમ સોસાયટી, ગામ કે ઘરની રખેવાળી કરવા માટે ચાડિયો બનાવીએ તો શું થાય?
3. પક્ષીઓને ચાડિયાની વધુ બીક લાગતી હશે કે માણસની? કેમ?

**ચાલો, ચોપડી બંધ કરી દો. ‘તાજા તાજા જંગલ સમાચાર’ સાંભળવા તૈયાર થાઓ.**

વિદ્યાર્થીઓને જોડીમાં બેસવા કહો. તેમને સૂચના આપો કે તમે ઝડપથી કેટલાંક વાક્યો વારાફરતી બોલશો. તેઓએ જોડીમાં તે વાક્ય યાદ રાખી/નોંધ કરી... પછી લખવાનું છે. તેમને તેઓ કેવી રીતે તે વાક્ય લખશે તે માટે આયોજન કરી લેવાનું પણ કહો. ત્યારબાદ રેડી...વન...ટૂ...થ્રી એમ કહી તેમને તૈયાર કરી નીચેના વાક્યને સ્વાભાવિક ઝડપથી વાંચી જાઓ. વાક્ય બીજીવાર બોલશો નહિ. થોડીવાર પછી એ જ રીતે બીજું વાક્ય વાંચી જાઓ. તેઓ બે જોડીમાં યાદ રાખી તે વાક્ય લખશે. ત્રણેય વાક્ય પૂરાં થાય પછી તેમને ચોપડીમાં જોઈ તેઓ શું શું લખવાનું ચૂકી ગયા? શી ભૂલો કરી તે તેમની જાતે શોધવાનું કહો.

ચર્ચા કરાવો કે આ પ્રવૃત્તિઓમાં તેમને શી મુશ્કેલી પડી? તેમાં તેમણે ઉકેલ શોધ્યો? હવે ફરી આ જ પ્રવૃત્તિ કરવાની થાય તો તેઓ શું કરશે? (જોડીકાર્ય)

1. શહેરના ખેતર વચ્ચે ઊભેલા ચાડિયાના માથે બેસી આવેલી નાનકડી ચકલીને અપાયો વીરતા પુરસ્કાર.
2. બાળપંખીઓમાંથી મહેનતનો ગુણ ઓછો થઈ ગયો છે તેથી પંખી પ્રાથમિક શાળા આયોજિત શૈક્ષણિક પ્રવાસનાં સ્થળોમાંથી ચબૂતરો રદ.
3. ખેતરપુરમાં યોજાઈ ‘પંખીઉડાડ’ હરીફાઈ. ભાઈલાલભાઈના બાજરાના ખેતરનો ચીનુ ચાડિયો બન્યો વિજેતા. પાંચ મિનિટમાં ઉડાડ્યાં પચાસ પંખી...

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મજા પડીને? તમે આવા બીજા બે રમૂજી સમાચાર બનાવો અને તમારા ઘરના સભ્યો કે તમારાથી મોટા મિત્રોને તમારા શિક્ષકની જેમ એક વખતમાં શ્રુતલેખન કરવાની રમત રમાડો.

**ફકરામાંની ખાલી જગ્યામાં એકની જગ્યાએ બીજા શબ્દો મૂક્યા છે. શબ્દોની હેરફેર કરી ફકરો વાંચો. (જોડીકાર્ય)**

જુવાર

મારા ખેતરમાં ~~ગોફણ~~ ઊગી છે. તેનો મોલ હવામાં લહેરાય છે. ડૂંડામાં <u>કાંટા</u> જેવા દાણા ભરાયા છે. પશુ-પંખી પાકને નુકસાન ન પહોંચાડે તે માટે ખેતર ફરતે થોરની વાડ બનાવી છે, છતાં કેટલાંક પશુઓ તે વાડમાં <u>મોર</u> પાડીને અંદર ઘૂસી જાય. તેમને રોકવા વળી બાવળના <u>મોતી</u> આડા નાખ્યા છે. પણ આ પોપટ, ચકલાં, કાબર, <u>છીંડા</u> જેવાં પક્ષીઓ તો તોય ખેતરમાં આવી જ જાય, અને દાણા ખાઈ જાય. પછી હું તો <u>જુવાર</u>થી પથ્થરો ઉછાળી તેમને <u>વગાડું</u>, ક્યારેક વળી થાળી <u>ઉડાડું</u>.

એક દિવસ મારાં દાદીએ મને સમજાવ્યું કે સૂરજ <u>દોસ્તી</u> આપે, ધરતી પાણી આપે. આ રીતે તૈયાર થયેલા પાક પર સૌનો અધિકાર છે. દાણા માત્ર આપણા માટે જ નથી એમાં પશુ પંખીઓનો પણ ભાગ છે. ત્યારબાદ હું પંખીઓને ઉડાડતો નથી. ભલેને થોડા દાણા ઓછા થાય, પણ પંખીઓ સાથેની <u>પ્રકાશ</u> તો વધેને!

**ત્રણેય શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

1. બગીચા - માળી દાદા - ખોટા ખોટા ડોળા
2. પરીક્ષા - જવાબ - વિસ્તારથી
3. ખેતર - રખેવાળ - ગોફણ
4. જંગલ - સિંહ - હાંજા ગગડી ગયા
5. ગ્લાસ ફૂટી ગયો - મમ્મી - તીખી નજરે
6. મોકો - ઝડપથી - પકડવું

**અ વિભાગના વાક્ય પાછળ બ વિભાગના યોગ્ય વાક્યનો ક્રમ લખો પછી વાંચી સંભળાવો.**

| | | | |
|---|---|---|---|
| • જ્યારે જમવામાં ખીચડી હોય | (   ) | 1. | અને બહાર રંગોળી કરી. |
| • જો સુરેશને કામ સોંપશો | (   ) | 2. | ત્યારે હરેશ ધરાઈને જમે. |
| • શાળામાં પહેલાં સફાઈ થાય | (   ) | 3. | મેદાનના ગેટ સુધી મંડપ બાંધ્યો. |
| • દિવાળી વખતે દરવાજાની અંદર દીવા | (   ) | 4. | પછી પ્રાર્થના સંમેલન. |
| • અહીં કીડીઓ છે એટલે | (   ) | 5. | તો સરસ રીતે થઈ જશે. |
| • નાતાલ વખતે ચર્ચના બારણાથી છેક | (   ) | 6. | ત્યાં ઓટલે બેસવું પડશે. |

- **ગીતિકા ગાઓ પછી આગળ વધો : તૈયાર હો...**

**તમને કોઈ આવી વાત કરે તો તમે શું બોલો? 'ખરેખર, લગભગ, કદાચ'-માંથી કોઈ એક શબ્દનો ઉપયોગ કરી જણાવો.**

**ઉદાહરણ :** આપણે મેચ જીતી ગયા? : ખરેખર?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | |
|---|---|
| 1. શું લાગે છે, આજે વરસાદ પડશે? | 2. પાંચેક કિલોગ્રામ વજન હશે, નહીં? |
| 3. શી વાત કરો છો! | 4. શું સાપ ચાર ફૂટનો હતો? |
| 5. રૂપામાસી આવશે? | 6. સરપંચ તો પપ્પાના ખાસ મિત્ર છે! |
| 7. આ રવિવારે રમવા જવાશે? | 8. બે કિલોમીટર તો હું આમ ચાલી નાખું. |
| 9. શું કહો છો! | 10. તારી પાસે લાલ પેન છે? |
| 11. પંદર મિનિટમાં આવું ચિત્ર દોરાય ખરું? | 12. તારા બધા દાખલા સાચા પડશે? |

**વાક્યો વાંચો અને ઘાટા કરેલા શબ્દોનો ઉપયોગ જાણો. તેના આધારે ખાલી જગ્યા પૂરો. (જોડીકાર્ય)**

I. અમારા શિક્ષકને ‘‘સમજી ગયા?’’ એવું બોલવાની ટેવ છે. તેઓ એક તાસમાં **લગભગ** વીસ વાર બોલતા હશે, ‘‘સમજી ગયા?’’

II. નીલેશને તો એમ જ કે ચિત્રનો તાસ છે. સ્પર્ધા છે એમ તેને **ખરેખર** ખબર નહોતી.

III. મને ખબર નથી સરોજ કેમ રમવા ન આવી. **કદાચ** લેસન કરવા બેસી ગઈ હોય.

IV. મૂકેશને આ પાંચમી વાર ઘૂંટણ પર વાગ્યું. એકની એક જગ્યાએ **વારંવાર** વાગવાથી ત્યાં લીલું ચકામું થઈ ગયું છે.

1. પ્રિયાએ બહુ કહ્યું એટલે હું તેના ઘરે ગઈ. મારે ____ તેને ત્યાં નહોતું જવું.
2. રિક્ષામાં ઘરે પહોંચતાં ____ અડધો કલાક થાય, ટ્રાફિક નડે તો વધારે વાર લાગે.
3. મીરાંને ખૂબ શરદી થઈ ગઈ છે. તેથી તેને ____ છીંકો આવે છે.
4. ભલે શિયાળો હોય. વાદળ ઘેરાયાં છે એટલે ____ વરસાદ આવશે.
5. એ તો મીનાને તાવ આવી ગયો. બાકી દોડ હરીફાઈમાં તેને ____ ભાગ લેવો હતો.
6. મેં પપ્પાને બે વખત યાદ કરાવ્યું હતું તોય એ ચોકલેટ લીધા વગર આવ્યા. ____ દુકાન ખુલ્લી નહિ હોય.
7. દિવાળી વૅકેશન વહેલું હોવાથી ____ પંદરમી સુધીમાં પરીક્ષા લેવાઈ જશે.
8. એકનું એક કામ ____ કરવાથી તેના પર હાથ બેસી જાય; એટલે તે કામ કરવામાં કુશળતા અને ઝડપ આવી જાય.

**અગાઉ તમે બગીચા વિશે વાંચ્યું અને જંગલ વિશે લખ્યું. તેના આધારે નીચેનામાંથી કોઈ એક વિષય પર છથી આઠ વાક્ય ઘરેથી લખી લાવો, પછી વર્ગમાં મિત્રોના ફકરા મોટેથી વાંચો.**

આ પ્રવૃત્તિ પૂરી થયાના ત્રણેક દિવસ પછી વિદ્યાર્થીઓએ લખેલા કોઈ એક ફકરાનું શ્રુતલેખન કરાવો.

**જમણવાર** : કોઈ પ્રસંગ હોય ત્યારે જમણવાર હોય. જમણવાર વખતે ઘણાં લોકો આવે. નવાં નવાં કપડાં પહેરીને આવે. જમણવારમાં ઘણા પ્રકારની વાનગીઓ અને મીઠાઈઓ હોય...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**મારા દોસ્ત :** મારે ઘણા/ઘણી દોસ્ત/બહેનપણી છે. તે બધાં ખાસ જ છે. મોટા લોકો કહે કે એક જ દોસ્ત ખાસ હોય. મારે એવું નથી...

**બજાર :** બજારમાં ઘણી દુકાનો હોય. દુકાનોમાં જુદી જુદી વસ્તુઓ હોય. દુકાનદાર માલ વેચે. ગ્રાહક વસ્તુ ખરીદે. બંને ભાવતાલ કરે...

**વાક્યમાં કોઈ ભૂલ છે? શોધો. ભૂલવાળા શબ્દ ફરતે ◯ કરો અને સાચું વાક્ય લખો. (જોડીકાર્ય)**

ઉદાહરણ : છજુકાકને એક બકરી હતી. છજુકાકા પાસે એક બકરી હતી.

1. જયેશે બારીથી કૂદકો માર્યો. ______
2. સફરજન ખાવા ચપ્પાની શી જરૂર? મોંનું બટકું ભરવા માંડવાનું. ______
3. આ વાર્તા એટલી ગમી કે પહેલે છેલ્લે બે વાર વાંચી કાઢી. ______
4. જરાક ઘસરકો પડી ગયો એટલે શું રડે છે આટલું બધું? ______
5. મારે સ્કેચપેન નથી. હું તો મીણિયા રંગ જ વાપરું છું. ______
6. ડબે જો તો ખરો. સક્કરપારા તેમાં જ હતા. ______
7. કોઈ કેટલી રાહ જુએ? ચાર વાગ્યામાં તો રાહ જોઈ. ______
8. એટલો ટ્રાફિક હતો કે ચાર રસ્તાથી બજારે ચાલવાની જગ્યા નહોતી. ______
9. સૂરજ માથે ચઢ્યો. હવે તો પથારીથી બહાર નીકળ. ______
10. મીઠું આપજોને! શાકે ભૂલી ગયાં લાગો છો. ______

**હસો.**

કનુ : નવા ડિટર્જન્ટ પાવડરથી શર્ટ ધોયું તો નાનું થઈ ગયું હવે શું કરું?

મનુ : તું શર્ટના માપનો થઈ જા.

કનુ : પણ કેવી રીતે?

મનુ : એમાં શું છે! એ જ પાવડરથી તું પણ નાહી લે! પ્રોબ્લેમ સોલ્વ.

(ચર્ચા કરો કે આ જોકમાં હસવા જેવું શું છે?)

- **લગભગ સરખા :**

**પોળ**-દરવાજાવાળો મહોલ્લો; **ભાગોળ**-શહેરના કોટનો દરવાજો; ગામનું પાદર; **પ્રોગ્રામ ઑફિસર**-કાર્યક્રમ અધિકારી; **જુરાસિક યુગ**-ચૌદ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી પર ડાયનાસોર હતા એ સમયગાળો; **ડાયનાસોર**-એક ખૂબ મોટું પ્રાણી જે હવે પૃથ્વી પર નથી; **રોબૉટિક**-રોબોટ જેવું; **સુપર ફોટોન સ્પીડ**-પ્રકાશ જેટલી ઝડપ; **યાત્રી**-મુસાફર; **માર્ક કરી લીધી**-ચિહ્ન કરી લીધું,



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નિશાની કરી લીધી; **લાક્ષણિક**-પોતાના ખાસ લક્ષણવાળું; **ઘેઘૂર**-ગાઢ; **અનિચ્છનીય**- ન ઇચ્છવા યોગ્ય; **કૂચ કરતા હોય**-લશ્કરી ઢબે ચાલતા હોય; **હાંજા ગગડી ગયા**-______________; **રાઈફલ**-એક જાતની બંદૂક; **બખેડો કર્યો**-ગરબડ કરી; **તુચ્છકાર**-તિરસ્કાર, અનાદર; **રોફ મારતા**-______________; **બિહામણા**-ડરામણા, ભયંકર; **ક્ષિતિજ લગી**-નજર પહોંચે ત્યાં સુધી; **ધોળાફક્ક**-__________; **મોતી-મૂઠ શાં ડૂંડાં**-મૂઠી ભરીને મોતી જેવાં કણસલાં; **નીલમડો શો**-નીલ (આસમાની) રંગના રત્ન જેવો; **કોલ દેવો**-વચન આપવું

- **શબ્દભંડાર :**

## તને સાંભરે રે...

- આ એકમમાં તમે કઈ કઈ નવી વાતો જાણી?
- ટાઈમમશીન વિશે વર્ગમાં શી શી વાતો થઈ હતી? /ટાઈમમશીન વિશે તમારા દાદાને વાત કરવી હોય તો શું કહો?
- ડાયનાસોર વિશે વર્ગમાં શી વાતો થઈ હતી?
- દિગ્વિજયે કઈ કઈ બાબતનું ધ્યાન રાખવાનું હતું? તેણે શાનું ધ્યાન ન રાખ્યું?
- કઈ પ્રવૃત્તિ જોડીમાં કરી હતી? કઈ પ્રવૃત્તિ સમૂહમાં કરી હતી?
- તમે જાણતાં હો પણ ભણવામાં પહેલી વાર આવી હોય તેવી કઈ વાત આ એકમમાં આવી?
- 'જબરદસ્ત!', 'આવુંય થાય?', 'આવું તો મેં ધાર્યું જ ન હતું.' - એવું તમને ક્યારે ક્યારે થયું હતું?
- શાંતા પરમાર અને ધાબડધીંગીમાં તમને શું સરખું લાગ્યું?
- ચાડિયાએ જ્યારે માલિકથી છુપાઈને પંખીઓને દાણા આપવાની વાત કરી ત્યારે તમને કેવું લાગેલું? તમને શા વિચાર આવેલા?
- તમે બધાંએ 'તાજા તાજા જંગલ સમાચાર!'નું લેખન કરવામાં પડેલી મુશ્કેલીમાં કોઈ ને કોઈ ઉપાય શોધેલા. તેમાંથી તમને કોનો ઉપાય સૌથી વધારે ગમ્યો હતો? એ મુશ્કેલી અને ઉપાય વિશે ફરીથી કહો.
- 'મારા ખેતરમાં ગોફણ ઊગી છે...' ફકરામાં કોણે સૌથી પહેલા શબ્દોની હેરફેર કરી દીધેલી? આ માટે તેણે શું કર્યું હતું, તે તેની પાસેથી જાણો.
- ચારમાંથી કોઈ એક વિષય પર છથી આઠ વાક્યો લખવાની પ્રવૃત્તિમાં તમને કોનું લખાણ સૌથી વધુ ગમેલું? તેના લખાણમાં એવું શું લખેલું હતું?
- આખા એકમમાં તમને કઈ પ્રવૃત્તિ અઘરી લાગી હતી અને નહોતી આવડી? તે પ્રવૃત્તિ તમને ક્યારે આવડી ગઈ? કોણે શિખવાડેલી? તેણે શિખવાડી ત્યારે કઈ બાબતમાં ધ્યાન આપવાના કારણે તમને તે આવડી ગઈ?
- આ પછીના એકમમાં કઈ કઈ બાબતો પર વધારે ધ્યાન આપશો?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in